# સૂરજ એસ્ટેટ ડેવલપર્સ લિમિટેડની ઈનિશિયલ પબ્લિક ઓફર સોમવાર, ૧૮ ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ ખુલશે, જે ઈક્વિટી શેર દીઠ **Rs 340 થી Rs 360**ના ભાવે પ્રાઈસ બેન્ડ સેટ કરે છે




અમદાવાદ, ૧૯ ડિસેમ્બર, ૨૦૨૩: જયપુર સ્થિત હાઈપરલોકલ જ્વેલરી રિટેલ ચેઈન, મોતીસંસ જ્વેલર્સ તેના ગ્રાહકોને ડિઝાઈન, ઉચ્ચ ગુણવત્તા, પારદર્શિતા અને ગ્રાહક સેવા ઓફર કરવા પર વધારે ધ્યાન કેન્દ્રિત કરે છે, તેણે તેની મેડન ઈનિશિયલ પબ્લિક ઓફર માટે ઈક્વિટી શેર દીઠ ઈંજ પર થી ઈંજ ૫૫ નો પ્રાઈસ બેન્ડ નક્કી કર્યો છે. કંપનીની ઈનિશિયલ પબ્લિક ઓફર ("IPO" અથવા "ઓફર") સબસ્ક્રિપ્શન માટે સોમવાર, ૧૮ ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ ખુલશે અને બુધવાર, ૨૦ ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ બંધ થઈ જશે. રોકાણકારો ઓછામાં ઓછા ૨૫૦ ઈક્વિટી શેર અને ત્યારબાદ ૨૫૦ ઈક્વિટી શેરના ગુણાંકમાં બિડ લગાવી શકે છે. ઈક્વિટી શેર દીઠ ઈંજ ૧૦ના ફેસ વેલ્યુનો પબ્લિક ઈશ્યુ સંપૂર્ણપણે ૨,૭૪,૭૧,૦૦૦ ઈક્વિટી શેરનો નવો ઈશ્યુ છે જેમાં કોઈ ઓફર ફોર સેલ (OFS) ઘટક નથી. મોતીસંસ જ્વેલર્સનું સંચાલન બીજી પેઢીના ઉદ્યોગસાહસિકો, સંદીપ છાબરા, ચેરમેન અને આખા સમય ડિરેક્ટર અને સંજય છાબરા, મેનેજિંગ ડિરેક્ટર, સ્વ. મોતીલાલ છાબરાના પુત્રો દ્વારા કરવામાં આવે છે, જેઓ જ્વેલરી ઉદ્યોગમાં બે દાયકાથી વધુ વર્ષોની કુશળતા ધરાવે છે. તેના અન્ય ઓફરિંગમાં સોના અને ચાંદીના સિક્કા, વાસણો અને અન્ય કલાકૃતિઓનો સમાવેશ થાય છે. તેણે ૧૯૯૭માં પાર્ટનરશિપ ફર્મ **'M/s Motisons Jewellers'** મારફત તેનો વ્યવસાય શરૂ કર્યો હતો અને ત્યારબાદ ૨૦૧૧માં પબ્લિક લિમિટેડ કંપનીમાં રૂપાંતરિત થયો હતો અને હાલમાં જયપુર, રાજસ્થાનમાં બહુવિધ અગ્રણી સ્થાનો પર તે હાજર છે. મોતીસંસ એ ૧૯૯૭માં જયપુર, રાજસ્થાનમાં એક જ શોરૂમથી તેનો જ્વેલરીનો વેપાર શરૂ કર્યો હતો. તેનું પ્રથમ આઉટલેટ, જે 'ટ્રેડીશનલ સ્ટોર' તરીકે પ્રખ્યાત છે, તે શહેરના મધ્યમાં આવેલા પ્રખ્યાત જ્વેલરી હબ, સૌથી વ્યસ્ત જોહરી બજારની પ્રસિદ્ધ ગલીઓ વચ્ચે સ્થાપિત કરવામાં આવ્યું હતું.તે મુખ્યત્વે ભારતભરમાં સ્થિત તૃતીય પક્ષ સપ્લાયર્સ પાસેથી તૈયાર કરેલ જ્વેલરી પ્રાપ્ત કરે છે અને તેના વ્યવસાયમાં સોના, હીરા, કુંદનથી બનેલા દાગીનાનું વેચાણ અને મોતી, ચાંદી, પ્લેટિનમ, કિંમતી, અર્ધ-કિંમતી પથ્થરો અને અન્ય ધાતુઓ સહિત અન્ય જ્વેલરી ઉત્પાદનોના વેચાણનો અને જયપુર, રાજસ્થાનમાં અનેક પ્રમુખ સ્થાનો પર સોના અને ચાંદીના સિક્કા, વાસણો અને અન્ય કલાકૃતિઓનો સમાવેશ થાય છે.